| |
|---|
| પોરબંદરના ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં. |
| ફોજદારી કેસ નંબર :- ૬૧૮૧/૨૦૨૨ |
| આરોપીનું નામ :- સિકંદર ઉર્ફે કાનાણી ફારૂક જોખીયા, રહે. મેમણવાડા, આઇશા એપાર્ટમેન્ટ, પોરબંદર. |
| કલમ :- પ્રોહીબીશન એક્ટની કલમ ૬૬(૧)બી, ૬૫(એ)(એ) મુજબ.. |

**<u>આંક.૦૧ લગત હુકમ</u> :-**

**૧.** ફરીયાદપક્ષના કેસની હકીકત જોવામાં આવે તો, આ કામના આરોપી વગર પાસ પરમીટે એફ.આઇ.આર.માં દર્શાવેલી વિગતે પ્રતિબંધીત દેશી દારૂ સાથે મળી આવ્યા હોવાનો આક્ષેપ છે અને જેથી આ કામમાં પોલીસ દ્વારા આરોપી વિરૂદ્ધ પ્રોહીબીશન એક્ટની કલમ ૬૬(૧)બી, ૬૫(એ)(એ) મુજબનો ગુન્હો નોંધેલ છે અને ત્યારબાદ તપાસના અંતે તે અંગેનું તહોમતનામુ અત્રેની અદાલત સમક્ષ રજુ કરેલ છે.

**૨.** આ કામમાં આરોપી હાજર થતાં આરોપીને વિના મુલ્યે નકલો આપવામાં આવેલી છે અને આરોપીને ગુન્હા સબંધે પુછતાં આરોપીએ ગુન્હા કબુલાત પુરશીશ રજુ કરેલ છે. આ કામમાં તહોમતનામુ ફરમાવતા અને ત્યારબાદ આરોપીની પ્લી લેતાં આરોપીએ આક્ષેપીત ગુન્હો કબુલ કરેલ છે. આ કામમાં આરોપીની કબુલાત પુરશીશ વંચાણે લેતાં, આરોપી ગરીબ અને મજુર વર્ગના માણસ છે અને તેમની આર્થીક પરિસ્થિતી નબળી છે. આરોપી સામે સામાન્ય ગુન્હાનો આક્ષેપ છે એકમાત્ર કમાનાર વ્યક્તિ છે અને કુટુંબની જવાબદારી તેમની ઉપર છે તેવી હકીકત જણાવીને તેમને ઓછામાં ઓછી સજા તથા દંડ કરવા અરજ કરેલ છે.

**૩.** આ કામમાં આરોપી વિરૂદ્ધ તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે અને આરોપીએ આપેલી પ્લી તથા કબુલાત પુરશીશ વંચાણે લેતાં, આરોપીએ ગુન્હો કબુલ કરેલો છે. હાલના આરોપીની કબુલાત અને ગુન્હાની કબુલાતી પ્લી વંચાણે લેતાં અને આરોપીને પુછતાં આરોપી તેની સામેના ગુન્હાનો સ્વૈચ્છિક સ્વીકાર કરે છે જેથી આરોપી સામેનો ગુન્હો હું સાબિત માનુ છું. આ કામમાં આરોપીની કબુલાત પુરશીશમાં જણાવેલ રજુઆતો ધ્યાને લેતાં તથા GLR 2005(1) Page No.709 પર પ્રસિદ્ધ થયેલ નામદાર ગુજરાત હાઇકોર્ટના ગુજરાત રાજય વિરૂદ્ધ નટવર હરચંદજીના કેસમાં આપેલ સમજુતી મુજબ, આરોપીને કાયદામાં જણાવેલી સજા કરતાં ઓછામાં ઓછી સજા કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે તેવું આ અદાલતનું માનવું છે અને તે સંજોગોમાં આરોપીને કાયદામાં નિર્દીષ્ટ સજા કરતાં ઓછી સજા કરવા માટેના પુરતા કારણો જણાતા હોય, સદરહુ ગુન્હામાં આરોપીને તકસીરવાન ઠરાવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૨૪૧ મુજબ તેમની સામે આક્ષેપીત પ્રોહીબીશન એક્ટની કલમ ૬૬(૧)બી, ૬૫(એ)(એ) મુજબના શિક્ષાનેપાત્ર ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપીને **રૂા.૫૦૦/- (અંકે રૂપીયા પાંચસો પુરા)** નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ભરવામાં કસુર કરે તો તેમને **દિન-૦૩ (ત્રણ)** ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. મુદ્દામાલનો નાશ કરવો.

હુકમ આજરોજ તા.૧૧ મી માહે ફેબ્રુઆરી સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તા.૧૧/૦૨/૨૦૨૩**
**સ્થળ : પોરબંદર.**
**સ્પેશ્યલ સીટીંગ**

**(કિર્તન ભાઇલાલભાઇ રાઠોડ)**
**ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ**
**પોરબંદર**
**(GJ-00981)**